અપીલ અરજી નં.૨૦૨ તા.૪–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૪–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટાઉન પ્લાનીંગ એકટ મુજબ કુલ ટી.પી ડ્રાફ્ટ સ્કીમ ફાઈનલ થાય ત્યારબાદ જ આઈ.સી.રકમની વસુલાત થાય જયારે સુરત મનપાની કુલ ૧૨૫ ટી.પી સ્કીમનાં ડ્રાફ્ટમાંથી ૨૩ના તૈયાર થયેલા છે અને બાકીનાં ૧૦૨ બાકી ટી.પી સ્કીમનાં ડ્રાફ્ટ પ્રિલીમનરી સ્ટેજ પર પેન્ડીંગ હોય અને મ્યુ.કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર તા.૧–૫–૧૦ પછી જે સોસાયટી અરજી કરે તે સોસાયટી પાસેથી સુવિધા પેટે ૨૫ ટકા રકમ ગેરકાયદેસર વસુલવા અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૨/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા.૪–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટાઉન પ્લાનીંગ એકટ મુજબ કુલ ટી.પી ડ્રાફ્ટ સ્કીમ ફાઈનલ થાય ત્યારબાદ જ આઈ.સી.રકમની વસુલાત થાય જયારે સુરત મનપાની કુલ ૧૨૫ ટી.પી સ્કીમનાં ડ્રાફ્ટમાંથી ૨૩ના તૈયાર થયેલા છે અને બાકીનાં ૧૦૨ બાકી ટી.પી સ્કીમનાં ડ્રાફ્ટ પ્રિલીમનરી સ્ટેજ પર પેન્ડીંગ હોય અને મ્યુ.કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર તા. ૧–૫–૧૦ પછી જે સોસાયટી અરજી કરે તે સોસાયટી પાસેથી સુવિધા પેટે ૨૫ ટકા રકમ ગેરકાયદેસર વસુલવા અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે અપૂરતી અને પૂરતી માહિતી તમામ ઝોનમાંથી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૫ તા.૯–૮–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને તથા અરજદારને તેમની અપીલમાનાં દાવાનુસાર જે જા.મા.અ. એ યોગ્ય માહિતી આપેલ નથી તે અંગે જા.મા.અ. દીઠ મુદ્દા વાર આધાર સહિત વિગતો જણાવવા તથા બિલકુલ માહિતી ન આપેલ જા.મા.અ.ની યાદી પણ જણાવવા પત્ર પાઠવવામાં આવે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૧ તા.૧૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૯ તા.૬–૫–૧૧ થી તમામઝોન તથા ટાઉન પ્લાનીંગ તથા સેક્રેટરીને સમય મર્યાદામાં તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૩૧૦૦૪૩ તા.૨૦–૬–૧૧ ના રોજ દસ્તાવેજ ફી ભરપાઈ કર્યા અંગેની પાવતીની નકલ, કમિ.શ્રીના ટીડીઓ/૧૧૬૩ તા.૭–૬–૦૭ , ટીડીઓ/૨૪૩૧ તા.૬–૯–૦૮ , ટીડીઓ/૪૪૫૬ તા.૨–૯–૦૯ ના પરીપત્રોની નકલ, ડાયરેકટર ઓફ પ્લાનીંગના ટીડીઓ/૧૬૪૫ તા.૧૪–૭–૦૯ ના પરીપત્રની નકલ, સીટી ઈજનેર તરફથી પત્ર નં.સા.ઈ./આ.નં.૦૪ તા.૧૯–૫–૧૧ થી જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી)ને તબદીલ કરેલ પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ટીપીડી/૬૮ તા.૧૬–૫–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલપત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા સમય અવધિ બાદ પાઠવેલ પત્રનં.ટીડીઓ/૧૦૮ તા.૧૬–૬–૧૧ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ તેમજ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૨૨ તા.૧–૭–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૯૧ તા.૧૮–૮–૧૧ થી પૂરક

વિગતોમાં નોંધ વિભાગ, સીટી ઈજનેર અને સ્પે. સેલ તરફથી નિયત સમય અવધિ બાદ પાઠવેલ પત્ર નં.સી.ઈ.સ્પે.સેલ/૧૯૩ તા.૨૧–૬–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૫૬ તા.૧૩–૬–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ અને ૫ માટે ટાઉન પ્લાનર મુદ્દા નં.૬ અને ૮ માટે સેક્રેટરી અને મુદ્દા નં.૪ માટે સી.ઈ. સ્પે. સેલને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ , સેન્ટ્રલઝોનની તબદીલ અરજીની નકલ, અઠવાઝોનમાં આઈ.સી.ના ભરાયેલા નાણા ના વ્યવહાર અંગેની યાદીની નકલ, અઠવાઝોન તરફથી અરજદારને મુદ્દા નં.૭ અંગે આપેલ માહિતી અંગે નિયત સમય અવધિ બાદ પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૫૬ તા.૧–૭–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૫૨૬ તા.૨૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને મુદ્દા નં.૭ ની સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૬૧ તા.૧૭–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૧૧૯ તા.૨૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ /આ.નં.૧૧૯ તા.૭–૬–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને નિયત સમય અવધિ બાદ વિલંબથી સંપૂર્ણ તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર સ્પે.સેલ ના પત્ર નં.સી.ઈ.સ્પે.સેલ/૧૯૩ તા.૨૧–૬–૧૧ થીઆપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી પરંતુ અરજદાર તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૭૪૮ તા.૭–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.જયારે સેન્ટ્રલઝોન, કતારગામઝોન, ઉધનાઝોન અને લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી અત્રેથી અપીલ તબકકે પાઠવેલ પત્ર નં.આરટઆઈ સેલ/૬૨૫ તા.૯–૮–૧૧ ની પત્રની નકલ માં જ અપીલમાં જણાવેલ વિગતો જણાવેલ છે પરંતુ કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારને તા.૪–૫–૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી સેક્રેટરી ઓફિસને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૯ તા.૬–૫–૧૧ થી નિયત સમય અવધિમાં તમામઝોન તથા ટાઉન પ્લાનીંગ તથા સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ નગર નિયોજક ટાઉન પ્લાનીંગ તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં.ટીપીડી/૬૮ તા.૧૬–૫–૧૧ થી, સીટી ઈજનેરશ્રી તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં.સી.ઈ../આ.નં.૪ તા.૧૯–૫–૧૧ થી પુનઃ જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી)ને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૯ તા.૭–૬–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૨૫૬ તા.૧૩–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ ટાઉન પ્લાનીંગ વિભાગને મુદ્દા નં.૧ થી ૩ અને ૫ અંગે , સી.ઈ. સ્પે. સેલને મુદ્દા નં.૪ અંગે તથા સેક્રેટરી બ્રાંચને મુદ્દા નં.૬ અને ૮ અંગે તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૭ અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૩૫૬ તા.૧–૭–૧૧ થી સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪ અંગે સ્પે. સેલ તરફથી પત્ર નં.સી.ઈ. સ્પે.સેલ/૧૯૩ તા.૨૧–૬–૧૧ થી સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૭ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૧૬૧ તા.૧૭–૫–૧૧ થી સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેક્રેટરી તરફથી આરટીઆઈ/ સેક્રેટરી/સા.સ./આ.નં.૭ તા.૧૮–૫–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૭૪૮ તા.૭–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૦૮ તા.૧૬–૬–૧૧ થી અરજદારને માહિતી અંગે સમય અવધિ બાદ નાણા ભરવા પત્ર પાઠવવામાં આવેલ. અરજદારના અરજીના મુદ્દા નં. (૧) ટાઉન પ્લાનીંગ એકટ મુજબ કુલ ટી.પી ડ્રાફ્ટ સ્કીમ ફાઈનલ થાય ત્યાર બાદ જ આઈ.સી.રકમની વસુલાત થાય જયારે સુરત મનપાની કુલ ૧૨૫ ટી.પી સ્કીમનાં ડ્રાફ્ટમાંથી ૨૩ના તૈયાર થયેલા છે અને બાકીનાં ૧૦૨ બાકી ટી.પી સ્કીમનાં ડ્રાફ્ટ પ્રિલીમનરી સ્ટેજ પર પેન્ડીંગ હોય અને મ્યુ.કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર તા. ૧–૫–૧૦ પછી જે સોસાયટી અરજી કરે તે સોસાયટી પાસેથી સુવિધા પેટે ૨૫ ટકા રકમ ગેરકાયદેસર વસુલવા અંગેની માહિતીની નકલ. (૨) સત્તા મંડળના ચાર ચૂંટાયેલા લોકહીત વિરુધ્ધ પદઅધિકારીઓની સહીઓથી મ્યુ. કમિ.શ્રી આઈ.સી.ના નાણા વસુલવાનો કયો કાયદો નવી નિતી અમલમાં લાવવા માગે છે તેની ટાઉન પ્લાનીંગ એકટ મુજબની માહિતીની નકલ. મુદ્દા નં.(૩) મ્યુ. કમિ.શ્રી આઈ.સી.ના નાણા વસુલવાનો નવો કાયદો યા નવી નિતી અમલમાં મુકતા સાતઝોનને આપેલ પરિપત્રની નકલ સહી સાથે યા સહી વગરની આપવા વિનંતી. છે. મુદ્દા નં.(૪) સીટી ઈજનેર શ્રી વી.ડી. પટેલ આઈ.સી.ના નાણા વસુલવા અંગેની મૌખિક સાત ઝોનને સૂચના આપ્યા અંગે જ તેમને નિવૃતિ પછી પણ રાખવામાં આવેલ હોય અને મ્યુ. કમિ.શ્રી સુરત મનપાને ખાનગી પેઢી સાબિત કરવા માંગતા હોય જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સી.ઈ.સ્પે. સેલ તરફથી પત્ર નં.સી.ઈ.સ્પે.સેલ/૧૯૩ તા.૨૧–૬–૧૧ થી મુદ્દા નં.૪ અન્વયે તમોએ જણાવ્યા મુજબના પ્રકારની કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણવેલ છે. મુદ્દા નં.(૫) ૧૯૯૭ થી ભાજપ સત્તાધારી પક્ષે શહેરની સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધા પૂરી પાડયા બાદ આઈ.સી.ના નાણા ટાઉન પ્લાનીંગ એકટ મુજબ ટી.પી. ફાઈનલ સ્કીમ પૂરી થાય ત્યાર બાદ વસુલવાના હોય તો પછી મ્યુ. જુન ૨૦૦૭ થી ટી.પી. ફાઈનલ સ્કીમ પૂર્ણ થયા ન હોવા છતાં પ્લાન મંજુરી વખતે વિકાસ સુવિધાની ડીપોઝીટ આઈ.સી.ના નાણા જમા કરાવતા હોવા અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૬) ચાર સત્તાધારીને આઈ.સી.ના નાણા અંગે બીપીએમસી એકટમાં કોઈ વિશેષ સત્તા આપવામાં આવેલ નથી જેથી આઈ.સીના નાણા વસુલવા માટે સને ૧૯૯૭ ની નીતિમાં ફેરફાર કરવા સામાન્ય સભાની મંજુરી લીધેલ હોવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેક્રેટરી તરફથી પત્ર

નં.આરટીઆઈ/સા.સ./ સેક્રેટરી/આ.નં.૭ તા.૧૮–૫–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમજ તે અંગે અલાયદી અપીલની કાર્યવાહી પણ સેક્રેટરી વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૭) સને ૧૯૯૭ ની નિતીમાં ફેરફાર કર્યા વગર સુશ્રી મ્યુ. કમિશ્નરે પોતાના વહીવટી અધિકારીઓ ધ્વારા ગેરકાયદેસર યા કાયદેસર આઈ.સી.ના નાણા જમા લીધેલ હોય જે બજેટ કે બેલેન્સસીટમાં ડીપોઝીટ પેટે જમા બોલવવાના હોય જેથી આજ સુધીમાં કુલ કેટલી રકમ જમા થયેલ છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સને ૨૦૦૭–૦૮ થી તા.૧૧–૫–૧૧ સુધી આઈ .સી. પેટે રૂા.૧૫, ૦૬,૬૭,૩૩૪.૫૦/– જમા લીધેલ ડીપોઝીટની વિગતો પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૬૧ તા.૧૭–૫–૧૧ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૩૫૬ તા.૧–૭–૧૧ થી અઠવાઝોનમાં તા.૧–૪–૦૮ થી તા.૨૭–૬–૧૧ સુધી કુલ રૂા.૨૬,૨૨૭ લાખ જમા લીધેલ આઈ.સીના નાણાની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી તા.૧–૪–૦૮ થી તા.૨૫–૫–૧૧ સુધી આઈસીના નાણા કુલ રૂા.૧૨,૦૯,૮૭,૯૯૫/– થાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) ભુતકાળથી અત્યાર સુધીના સમયમાં આ પહેલા જ મ્યુ. કમિ.શ્રી છે કે જેઓશ્રી પોતાની સત્તા હોવા છતાં આ રીતે ૪ પદાધિકારીઓની સહીઓ મેળવી આઈ.સી.ના નાણા ગેરકાયદેસર સત્તાનો ગેર ઉપયોગ કરી આઈ.સી.ના નાણા પોતાના સાત ઝોન ધ્વારા સહી વગરના પરિપત્ર ધ્વારા મેળવતા હોવા અંગેની માહિતની નકલ. આ સિવાયના મુદ્દા નં.૧,૨,૩ અને ૫ અને ૮ ની માહિતી બાબતે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટીડીઓ/૧૦૮ તા.૧૬–૬–૧૧ થી પરીપત્રની નકલ મેળવવા પ્રતિ રૂ.૨/– લેખે કુલ નકલ નંગ–૪ ના રૂા.૮/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૩૧૦૦૪૩ તા.૨૦–૬–૧૧ થી રૂા.૮/– ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૨૨ તા.૧–૭–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મ્યુ. કમિ. શ્રી તરફથી આઈ.સી.ના નાણા બાબતે બહાર પાડવામાં આવેલ પરિપત્રો ટીડીઓ/૧૧૬૩ તા.૭–૬–૦૭ , ટીડીઓ/ ૨૪૩૧ તા.૬–૯–૦૮ ટીડીઓ/૪૪૫૬ તા.૨–૨–૦૯ અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા ટીડીઓ//૧૬૪૫ તા.૧૪–૭–૦૯ ના રોજ બહાર પાડવામાં આવેલ પરીપત્રોની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપૂરતી અને પૂરતી માહિતી વગર તેમજ તમામઝોનમાંથી માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૪–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જે અંગે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવતાં અપૂરતી માહિતી બાબતે કોઈ વિગતો રજૂ કરેલ નથી. આથી અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં અરજદાર તેમ કરવામાં સફળ રહેલ નથી. જયારે અરજદારને અન્ય ઝોન વરાછા,ઉધના, સેન્ટ્રલ તથા કતારગામઝોન તરફથી મુદ્દા નં.૭ આઈ.સી.ના નાણા ડીપોઝીટ અંગેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. આમ અરજદારની અરજીના મુદ્દા નં.૧,૨,૩,૫ તથા ૮ ની માહિતી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય અવધિ બાદ નકલ સહ પૂરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે સીટી ઈજનેર કક્ષાએ તેવી કોઈ માહિતી રેકર્ડ પર નહીં હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.૭ ની વિગતો ઝોન કક્ષાએથી આપવા પાત્ર જણાય છે. પરંતુ મુદ્દા નં.૬ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.૧ થી ૩, ૫ તથા ૮ ની આપેલ માહિતી જોતાં મુદ્દા નં.૬ ની માહિતી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવા પાત્ર થાય.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી વરાછા,ઉધના, સેન્ટ્રલ તથા કતારગામઝોન તરફથી મુદ્દા નં.૭ ની આઈ.સી.ના નાણા ડીપોઝીટ અંગેની માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૬ ની નહીં પૂરી પડાયેલ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર